Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ００૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: નોટિસ :-

એકેડેમિક કાઉન્સિલની સભા **મંગળવાર, તા.૦૩/૦૮/૨૦૨૧** નાં રોજ બપોરે ૧:૦૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓફલાઈન/ઓનલાઈન યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ હોલમાં મળશે, જેમાં હાજર રહેવાની અનુકૂળતા કરવા વિનંતી છે.

# -: કાર્યસૂચિ :-

(૧) એકેડેમિક કાઉન્સિલની **તા.૩૧–૦૭–૨૦૨૧** ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત. (નોંધ : પ્રસ્તુત એકેડેમિક કાઉન્સિલની સભાની કાર્યવાહી એકેડેમિક કાઉન્સિલનાં સભ્યશ્રીઓને તા.૩૧/૦૭/૨૦૨૧ ના પત્રક્રમાંક : એ/એ.કા./કા.વા./૧૧૨૮૪/૨૦૨૧ થી મોકલી આપવામાં આવી છે.)

(૨) શ્રી સ્વામીનારાયણ પરમસુખ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સ્વામીનારાયણ પરમસુખ મહિલા કોમર્સ કોલેજ, પ્રાણી સંગ્રહાલયની સામે, નાના વરાછા, સુરતની નીચે દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.કોમ. નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૧–૦૬–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક: (૨૦) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિષય / અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|
| 1. | બી.કોમ. (સ્વનિર્ભર) | નવું જોડાણ | સ્થાનિક તપાસ સમિતિના સભ્યોને ભલામણ કરેલ નથી. |

**અવલોકનો :**

(૧) સંસ્થા દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી શ્રી સ્વામીનારાયણ પરમસુખ મહિલા કોમર્સ કોલેજ શરૂ કરવા અરજી કરેલ છે.

(૨) સંસ્થા પાસે લે–આઉટ પ્લાન મુજબ ૧૩૭૦૮ ચોરસ મીટર જમીન છે. એટલે ૩.૩૯ એકર જમીન સંસ્થા ધરાવે છે.

(૩) સંસ્થા આ કોલેજ હાલ પ્રાથમિક શાળા અને હાઈસ્કુલના બિલ્ડીંગમાં ત્રીજા માળે શરૂ કરવા માંગે છે. એટલે કે નવી કોલેજ માટે અલગ બિલ્ડીંગ ઉપલબ્ધ નથી કે બાંધકામ શરૂ કરવામાં આવેલ નથી.

(૪) હાલ શાળા ચાલુ છે. તેમાં નવી કોમર્સ કોલેજ માટે આચાર્ય ઓફિસ, સ્ટાફરૂમ, લાયબ્રેરી, વહીવટીય

ઓફિસ, લેડીઝ કોમન રૂમના વર્ગો ઉપલબ્ધ છે. પરંતુ હાલ કોઈ ભૌતિક સુવિધા ઉભી કરવમાં આવેલ નથી.

(૫) હાલ શાળાના મકાનમાં ફાયર સેફટીની NOC સંસ્થા ધરાવે છે.

(૬) સંસ્થાના નામે F. D. ની રસીદ તપાસતા યુનિવર્સિટીના નિયમ મુજબ સંસ્થા આર્થિક સધ્ધરતા ધરાવે છે.

**(નોંધ : NEED** કમિટિ તથા સ્થાનિક તપાસ સમિતિના અહેવાલની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

**(બિડાણ : ૧)**

**(૩)** શ્રી એમ. એસ. વી. એસ. કેળવણી મંડળ, શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર, મુ.પો.ધરમપુર, જિ.વલસાડ–૩૯૬૦૫૦ સંચાલિત એન. એમ. દેસાઈ વનરાજ કોલેજ ઓફ સાયન્સ ધરમપુર, ખેરગામ રોડ, ધરમપુર પો.ધરમપુર, જિ.વલસાડની નીચે દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. (કેમેસ્ટ્રી–એક ડિવિઝન ) અને (માઈક્રોબાયોલોજી – એક ડિવિઝન) નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૧૬–૬/૨૧–૦૬–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક:(૦૯) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિષય / અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|
| 1. | બી.એસસી.<br>(કેમેસ્ટ્રી–એક ડિવિઝન ) અને (માઈક્રોબાયોલોજી– એક ડિવિઝન)<br>(સ્વનિર્ભર) | નવું જોડાણ | તા.૧૫–૬–૨૦૨૧ થી તા.૧૪–૬–૨૦૨૨ |

**<u>બી.એસસી. કેમેસ્ટ્રી અને માઈક્રોબાયોલોજીની શરતો :</u>**

(૧) કાયમી આચાર્યની નિમણૂંક કરવી.
(૨) શૈક્ષણિક અને બિન શૈક્ષણિક તમામ કર્મચારીઓની નિમણૂંક કરવી.
(૩) યુનિવર્સિટીમાં ઓર્ડિનન્સ ૬૯ (એ) અને ૬૯(બી) નું યર્થાથ
(૪) શૈક્ષણિક સત્ર ચાલુ થતા જરૂરી સત્તાધિકારી પાસે ફાયર સેફટીનું પ્રમાણપત્ર લેવું.
(૫) હયાત બિલ્ડીગમાં દાદર પાસે અલગથી સ્ટેર કેસની વ્યવસ્થા કરવી.
(૬) દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ટોયલેટ સહિત સુવિધાઓ ઉપલબ્ધ કરવી.
(૭) માસ્ટર પ્લાન અને બાંધકામની સક્ષમ ઓથોરીટી પાસે મંજૂરી મેળવવાની રહેશે.
(૮) અભ્યાસક્રમમાં આવતા પ્રાયોગિક કાર્ય મુજબ લેબોરેટરીના સાધનો, ગ્લાસવેર, પ્લાસ્ટીકવેર, મિડીયા, તથા કેમીકલો ઉપલબ્ધ કરાવવા.

**<u>નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારની માર્ગદર્શિકા પ્રમાણેની વધારાની શરતો :</u>**

૧. યુનિવર્સિટીના વખતોવખતના નિયમો તથા સૂચનાઓનું સંસ્થાએ/કોલેજે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને યુનિવર્સિટીના આવા વખતોવખત નિયમો સંસ્થા/કોલેજને બંધનકર્તા રહેશે.

૨. મંડળ/ટ્રસ્ટે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા દીઠ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/–(દસ લાખ પૂરા)ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકતનામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે. જે પાકતી મુદતે વ્યાજસહિત રીન્યુ કરાવવાની રહેશે. (જો મૂકેલ ન હોય તો ×)

૩. સંસ્થાએ પોતાની આર્થિક સધ્ધરતા માટે રૂા. ૨૫,૦૦,૦૦૦/– (પચ્ચીસ લાખ પૂરા)ની રકમ રોકડમાં બેંક બેલેન્સ કે ડીપોઝીટ રૂપે તથા રૂા. ૨૫,૦૦,૦૦૦/–(પચ્ચીસ લાખ પૂરા સ્થાયી અસ્કયામતો ટ્રસ્ટ/મંડળના નામે હોવાના આધારો યુનિવર્સિટીને રજૂ કરવામાં આવે.

૪. ડિપોઝીટની શરત અન્વયે મિલ્કતો ઋણ મુકત હોવા બાબતનું માન. ચેરીટી કમિશ્નરશ્રીનું પ્રમાણપત્ર યુનિવર્સિટીમાં રજૂ કરવું.

૫. કોલેજ શરૂ કરતા પહેલાં મંડળ પાસે રૂા. ૫,૦૦,૦૦૦/–(પાંચ લાખ પૂરા)નું વર્કીંગ ફંડ હોવાના આધારો યુનિવર્સિટીમાં રજૂ કરવાનાં રહેશે.

૬. કોલેજમાં ઈમેઈલ/ ઈન્ટરનેટની સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે.

૭. યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના ધારા– ધોરણથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી શકાશે નહિ.

૮ વિષય અનુરૂપ લાયકાત ધરાવતા વ્યાખ્યાતાઓની નિમણૂંક કરવી.

૯. ઓર્ડિનન્સ ૬૯–એ, ૬૯–બીનું યથાર્થ પાલન કરવું.

**(નોંધ : NEED** કમિટિ તથા સ્થાનિક તપાસ સમિતિના અહેવાલની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.**)**

**(બિડાણ : ૨)**

**(૪) અધ્યક્ષશ્રીની મંજૂરીથી જે બાબત રજૂ થાય તે.**

ક્રમાંક : એ/એ.કા./કા.સૂ./૧૧૩૪૧/૨૦૨૧
તા. ૦૨/૦૮/૨૦૨૧

ઈ.ચા. કુલસચિવ

પ્રતિ,

એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....